# એમરલ્ડ

**ક્યારેક** સમીસાંજના સથવારે, સાગરકિનારે ઓસરતા અજવાસમાં વિસ્તરતા આકાશને જોયું છે?

છેક ક્ષિતિજ સુધી પથરાયેલી એ રતુંબડી લાલાશ આંખોમાં છલકાતી હોય, ને તમારા પગ નીચેથી જે સરી રહ્યું છે એ પાણી છે કે રેતી – એ પણ સમજાતું ન હોય, ને છતાંય વહી જતા પ્રવાહનો સ્પર્શ ગમે એટલી બરછટ થયેલી પાનીવાળા પગને એક મુલાયમ અહેસાસ કરાવી જાય છે...

પન્ના નાયકનું સર્જન કંઈક આ પ્રકારનું છે, સમુદ્રમાં સમાઈ રહેલા સૂરજની સાખે ઊગી રહેલી સાંજના ભીના સંવેદન જેવું...

એમના રંગઝરૂખેથી અવતરેલી કાવ્યપંક્તિઓ ક્યારેક રંગદીક્ષા પામેલી વસંત નવયૌવના જેવી જણાય તો ક્યારેક પાનખર પ્રગલ્ભા! હેરી માર્ટિન્સે કવિતાંની વ્યાખ્યા કરતાં કહેલું કે "કવિતા એટલે અંગત અનુભવોનો બિનઅંગત અનુવાદ." પન્ના નાયકની કવિતા અનુભવેલી લાગણીઓની નિશાની છે.

જીવવું પડે છે અને જીવવું છે – આ બે પ્રકારની વ્યથાથી આલેખાતો લય એમની કવિતાને એક એવા મુકામ પર લાવી મૂકે છે, જ્યાં જિંદગી પારદર્શક થતી જણાય છે. જીવન જીવવું પડે છે એનો થાક છે, બેચેની છે, અજંપો છે, વ્યગ્રતા છે, ક્યારેક થાકની વાત કરવાનો પણ થાક છે, તો ક્યારેક ન થઈ શકેલી વાતનો 'કોરો તડફડાટ' છે; ને છતાંય ઝંખના છે, જીવવાની (ઝંખનાની મારી ત્વચા ઉતરડાઈ / કેવી વસ્ત્રરહિત ઝંખના) અને પ્રગટે છે વિષાદની કવિતા. વિષાદમાંથી જે શૂન્યતાનો અનુભવ થાય છે એની કવિતા. પન્ના નાયકની કવિતા સંબંધની નહીં, સંબંધ-શૂન્યતાની કવિતા છે, અને અલગ–અલગ સ્વરૂપમાં પ્રગટ થાય છે. Forgotten Truth નામના પુસ્તકમાં લેખક હ્યુસ્ટન સ્મિથ 'સત્, ચિત્ત અને આનંદ'ની વાત કરતાં પૂછે છે કે "ભગવાન જેવું કશુંક છે ખરું?" જવાબ : ભગવાન એક એવો ગોળો છે, જેનું કેન્દ્ર બધે છે, પરંતુ પરિઘ ક્યાંય નથી! પન્ના નાયકના સર્જનમાં વ્યથા અને વિષાદ કેન્દ્ર સ્થાને જણાય છે અને તેના પરિઘની શોધમાંથી સર્જાય છે એક નવી કવિતા. કરાર ન મળે એવા એકરારની કવિતા!

વર્ષ ૧૯૬૭. યુએસએના ફિલાડેલ્ફિયાની એક લાઇબ્રેરીમાંથી એક અજાણી અમેરિકન કવયિત્રીનો કાવ્ય સંગ્રહ 'Love Poems' પન્ના નાયકની નજરે ચઢે છે વાંચતા જાય છે એમ-એમ એ વાતાવરણમાં ડૂબતાં જાય છે જાણે કે એમના ખોવાઈ ગયેલા beingનો તાળો મળતો હોય એવું લાગે છે, હૃદયમાં વસી જાય છે એ પુસ્તક.

અત્યાર સુધી અંદર ને અંદર અટવાતી રહેલી અભિવ્યક્તિનું હવે જાણે પૂર ઊમટ્યું. એન સેક્સટનના એ કાવ્યસંગ્રહથી વશ અને વિવશ એવાં પન્ના નાયકની કલમને વાચા ફૂટી અને આમ આરંભાઈ કવિતાયાત્રા!

એમનાં કાવ્યો કુંવારી લાગણીઓનો પ્રવાહ છે. પ્રવાહ સાથે ત્રણ ઘટના બને છે. તણાવું, તરવું અને વહેવું. તણાવમાં અવશતા છે. તરવામાં આયાસ છે અને વહેવામાં અનાયાસ. પન્ના નાયકની કવિતા આયાસ, પ્રયાસ અને અનાયાસનો  વિષાદ વૈભવ છે!

સામાન્ય રીતે ગદ્યમાં કાવ્યસર્જન કરતાં પન્ના નાયકે ગીતો પણ રચ્યાં છે, જેમાં આપણી પરંપરાના અણસારા પણ છે અને આ બધા વચ્ચે ફૂટતો એમનો પોતીકો અવાજ પણ છે. સુરેશ દલાલ લખે છે કે “ગીત પન્નાની સૃષ્ટિનો નવો અને તાજો વળાંક છે, જેમાં વિષયવૈવિધ્ય અને સ્વરૂપવૈવિધ્ય છે. તે લોકપ્રિય કવયિત્રી છે. આ લોકપ્રિયતા  પાછળ અનેક કારણ હોઈ શકે. એક તો સ્ત્રી છે, છોછ અને સંકોચ વિના લખે છે, છતાં હંમેશાં ભારત અને અમેરિકાના ક્રૉસ રોડ પર રહીને સ્વસ્થતાથી અને તટસ્થતાથી કવિતા તથા વાર્તા લખી શકે છે, જેમાં બંને સંસ્કૃતિના ધબકારા વર્તાય છે.”

ભ્રમર અને પંખી – પાંખો બંને પાસે છે, પણ ભ્રમર એની પાંખો એક જગ્યાએ સ્થિર રહેવા ફરકાવે છે. અને પંખી એની પાંખો એક સ્થળેથી બીજા સ્થળે જવા ફફડાવે છે. પાંખને યોગ્ય પ્રવૃત્તિ તો બંને કરે છે, પણ બંનેની પ્રાપ્તિ અલગ-અલગ અને અનન્ય છે. પન્ના નાયકનાં પદ્ય તથા ગદ્યની ઉપલબ્ધિ કદાચ આ પ્રકારની છે!

મશહૂર રશિયન કવિ યિવજેની યેવતુશેંકો તેની આત્મકથામાં લખે છે કે : “A poet’s biography is his poetry. Anything else can only be footnotes!” પન્ના નાયકની સર્જનકથા આ અર્થમાં એમની આત્મકથા કહી શકાય?

ગમતા સાહિત્યકાર વિશે કંઈ પણ લખવાનું હોય ત્યારે એક મૂંઝવણ હંમેશાં રહે. આપણામાં રહેલું પ્રમાણભાન એને અતિ ન્યાય ન થઈ જાય, એવા ભયે અન્યાય તો નહીં કરી બેસે એવો ભય પણ રહે. એમાં પન્ના નાયકનું નામ હોય એટલે મારા પક્ષે આવો ભય અવશ્ય રહે જ! મને કહેવા દો કે આ સંપાદનયાત્રા મારે મન પન્ના નાયકનાં સાહિત્ય અને સ્મૃતિઓને મમળાવવાની મોસમ રહી. અહીં એમનું સાહિત્ય છે અને તસવીરો પણ છે. વિવિધ સમયખંડમાં, એમના વિવિધ મૂડ, મિજાજ અને મસ્તીને મઢતી આ તસવીરો એક રીતે મારી સ્મૃતિમંજૂષા  છે!

પ્રિયની તસવીર જોવી ગમે છે, જે આપણને ગમતું હોય એની પ્રત્યેક ક્ષણના સાક્ષી થવું ગમે છે. એ ક્ષણોને તસવીરમાં જાણી-માણી લેવાય છે, ને એમ જીવી જવાય છે એ સમયખંડમાં...



www.sanjayvaidya.in







## હું

આજે ભરભર શિયાળાના
પીળા રણમાં
ઝંખું છું
ગુલમોરની ઝૂલતી જ્વાળાની સ્પર્શ

પછી,
હું ખુદ વસંતપંચમી.

# તને ખબર છે?

તને ખબર છે?
હવે હું તારું નામ બોલી શકતી નથી
એટલે
આજે તાજા જ પડેલા સ્નોમાં
હું તારું નામ લખી આવી
મારી આંગળીઓ એવી તો ઠરી ગઈ
પણ સાચે જ મઝા આવી ગઈ...
ને પછી
થોડી વાર રહીને વરસાદ પડ્યો...
હું તારું નામ વહી જતું જોઈ રહી.
વાસંતી વરસાદની સાથે
અચાનક ઊગી નીકળેલા ડેફોડિલની જેમ મેં
તારું નામ
વાતવાતમાં રોપી દીધું
પણ કોઈએ કશું સાંભળ્યું નહીં
કેમ જાણે :
તારા નામના રણકારનો પડઘો
ફક્ત હું જ ઝીલી શકતી હોઉં!
અને બપોર પછી.
નીકળી આવેલા
મેઘધનુને જોઈ
દિલમાં એક ધડકન ઊઠી ને શમી ગઈ...
ફક્ત મારાં સ્તનો જ એનાં સાક્ષી હતાં.
સંધ્યાકાળે
નમતો સૂરજ
મારા ગાલે ઢળ્યો.
અને તારા હોઠની છાપ જીવતી થઈ ગઈ.
પણ તું માનીશ?
અહીં તો બધાંને
મારા ન બોલાયેલા
શબ્દોમાં જ વિશ્વાસ છે.
તું શું માને છે...?
હું બોલું કે ચૂપચાપ ચાલ્યા કરું...?